For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# ભાજપનો ખેલાહોબે \ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપે સામ-દામ, દંડ, ભેદની નીતિ અપનાવી

# ‘પ્રજા’પતિનો ‘પક્ષ’ દ્રોહ

**બૂરખો પહેરીને કલેક્ટર કચેરીએ આવ્યા**

## વોર્ડ નં. 2 ના કોંગી ઉમેદવાર ભૂમિ પ્રજાપતિએ પીછેહઠ કરી



**છેલ્લી** મિનિટે કોંગ્રેસના ઉમેદવાર મેદાન છોડી ચૂંટણી અધિકારી પાસે પહોંચી ગયા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણીના જંગમાં ઉમેદવારી પત્રો પરત ખેંચવાના છેલ્લા દિવસે વોર્ડ નં. 2 બેઠક પર ભારે નાટ્યાત્મક વળાંક જોવા મળ્યો હતો. કોંગ્રેસના મહિલા ઉમેદવાર ભૂમિ પ્રજાપતિએ પક્ષના કાર્યકરોનો વિરોધ અને હંગામા વચ્ચે આખરે ચૂંટણી અધિકારી સમક્ષ પહોંચીને પોતાનું ફોર્મ પરત ખેંચી લેતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

વોર્ડ નં. 2 ના કોંગ્રેસના ઉમેદવાર ભૂમિ પ્રજાપતિ જ્યારે કલેક્ટર કચેરીએ પહોંચ્યા ત્યારે સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. તેઓ કોઈ ઓળખી ન જાય તે રીતે બુરખો પહેરીને ફોર્મ પાછું ખેંચવા માટે આવ્યા હતા. જોકે, કોંગ્રેસના કાર્યકરોને આ અંગેની ગંધ આવી જતાં તેઓએ કચેરીમાં જ ઘેરો ઘાલ્યો હતો. કાર્યકરોએ ‘ગદ્દારી’ ના સૂત્રોચ્ચાર સાથે ભૂમિ પ્રજાપતિને રોકવા માટે લિફ્ટને બ્લોક કરી દીધી હતી. લાંબા સમય સુધી લિફ્ટના દરવાજા વચ્ચે ઉભા રહી કાર્યકરોએ તેમને ઉપર જતા અટકાવ્યા હતા.

ચૂંટણી કચેરીમાં સર્જાયેલા આ હાઈવોલ્ટેજ ડ્રામાને પગલે પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. એક તરફ કોંગ્રેસના કાર્યકરો તેમને ફોર્મ ખેંચતા અટકાવવા મરણિયા પ્રયાસો કરી રહ્યા હતા, બીજી તરફ ભૂમિ પ્રજાપતિ ફોર્મ પરત ખેંચવાના મક્કમ નિર્ધાર સાથે આવ્યા હતા. ભારે અફરાતફરી અને ખેંચતાણ વચ્ચે, અંતે તેઓ નિર્ધારિત સમય મર્યાદામાં ચૂંટણી અધિકારીની ઓફિસ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા અને સત્તાવાર રીતે પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું હતું.

વોર્ડ નં. 2 ના ઉમેદવાર દ્વારા લેવાયેલા આ આકસ્મિક નિર્ણયથી સ્થાનિક કોંગ્રેસ સંગઠનમાં સોંપો પડી ગયો છે. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષના દબાણ અથવા લાલચમાં આવીને ઉમેદવારે આ પગલું ભર્યું છે. તો બીજી તરફ, બુરખો પહેરીને ફોર્મ પરત ખેંચવા જવાની આ પદ્ધતિ આખા શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

**પસંદગીના વોર્ડમાં ટિકિટ ન મળતા નારાજ હતા**

## મામલતદાર કચેરીએ વોર્ડ નં.11ના કનુભાઈ પ્રજાપતિએ ફોર્મ ખેંચ્યું



**ઉશ્કેરાયેલા કોંગ્રેસે** ભાજપ પર લગાવ્યો દબાણનો આક્ષેપ,

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની આગામી ચૂંટણી પૂર્વે જ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. વડોદરામાં કોંગ્રેસ પક્ષને એક મોટો ફટકો પડ્યો છે, જેમાં વોર્ડ નંબર 11 ના જાહેર કરાયેલા ઉમેદવાર કનુભાઈ પ્રજાપતિએ છેલ્લી ઘડીએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

કનુભાઈ પ્રજાપતિએ ફોર્મ પરત ખેંચવા પાછળનું મુખ્ય કારણ વોર્ડની ફાળવણીમાં રહેલી નારાજગી ગણાવી છે. તેમના જણાવ્યા અનુસાર, તેઓ વર્ષોથી વોર્ડ નંબર 10 માં સક્રિય છે અને ત્યાંથી ચૂંટણી લડવા માટે ટિકિટ માંગી હતી. જોકે, પાર્ટી દ્વારા તેમને વોર્ડ નંબર 11 માંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. કનુભાઈએ જણાવ્યું હતું કે, “વોર્ડ નંબર 11 માં મને કોઈ ઓળખતું નથી અને ત્યાં મારો સામાજિક વિરોધ થઈ રહ્યો હતો, જેના કારણે મેં સ્વેચ્છાએ આ નિર્ણય લીધો છે.” વધુમાં તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તેમણે ક્યારેય ટિકિટ માંગી જ નહોતી અને તેમની જાણ બહાર જ ફોર્મ ભરવામાં આવ્યું હતું.

આ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન મામલતદાર કચેરી ખાતે હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. એક તરફ કનુભાઈ કોઈપણ પ્રકારના દબાણ વગર ફોર્મ ખેંચવાની વાત કરી રહ્યા હતા, તો બીજી તરફ કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે આ ભાજપનું દબાણ છે. કોંગ્રેસના કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો હતો કે ઉમેદવારના પરિવારજનો પર દબાણ લાવીને અથવા ભય બતાવીને તેમને ફોર્મ પરત ખેંચવા મજબૂર કરવામાં આવ્યા છે, જે લોકશાહીનું ખૂન સમાન છે.

ઉલ્લેખનીય છે કે કનુભાઈ છેલ્લા બે દિવસથી સંપર્ક વિહોણા હતા અને અચાનક હાજર થઈ ફોર્મ પરત ખેંચતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. હાલમાં તો વોર્ડ નંબર 11 માં કોંગ્રેસની મુશ્કેલીઓ વધી છે, કારણ કે અન્ય કેટલાક ઉમેદવારો પણ પક્ષના સંપર્કમાં ન હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

# વંદે કમલમ | વડોદરા જિલ્લામાં ચૂંટણી પહેલા જ પંજો વિખેરાયો, 40 બેઠકો બિનહરીફ

(પ્રતિનિધિ) વડોદરા. તા.15

વડોદરા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે જ ભારતીય જનતા પાર્ટીએ પોતાની મજબૂત પકડ સાબિત કરી દીધી છે. જિલ્લા ભાજપ કાર્યાલય “વંદે કમલમ” દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર વિગતો અનુસાર, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની અનેક બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. વિરોધ પક્ષોએ મેદાન છોડી દેતા અથવા મજબૂત ઉમેદવારના અભાવે ભાજપના ઉમેદવારો બિનહરીફ વિજેતા બનતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિલ્લા પંચાયતની કુલ 4 બેઠકો પર ભાજપના ઉમેદવારોએ બિનહરીફ જીત મેળવીને વિરોધ પક્ષોને પછડાટ આપી છે.

તાલુકા પંચાયત સ્તરે પણ ભાજપે પ્રચંડ દેખાવ કર્યો છે. જિલ્લાની વિવિધ 19 બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.

નગરપાલિકાની ચૂંટણીઓમાં પણ ભાજપના ઉમેદવારોનો દબદબો રહ્યો છે. કુલ 17 બેઠકો પર ઉમેદવારો બિનહરીફ થયા છે.

જિલ્લા ભાજપ પ્રમુખ અને સંગઠનના હોદ્દેદારોએ આ ભવ્ય સફળતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના વિકાસકાર્યો અને કાર્યકરોની મહેનતનું પરિણામ ગણાવ્યું છે. આ બિનહરીફ બેઠકોથી સ્પષ્ટ થાય છે કે આગામી દિવસોમાં વડોદરા જિલ્લામાં ભાજપ ઐતિહાસિક વિજય નોંધાવવા જઈ રહ્યો છે.

### જિ. પંચાયતના બિનહરીફ 4 ઉમેદવાર

| | |
|---|---|
| **કરજણ (ચોરંદા)** | જ્યોત્સનાબેન વસંતભાઈ રબારી |
| **વડોદરા (રણોલી)** | કૈરવીબા ગિરીરાજસિંહ વાઘેલા |
| **વાઘોડીયા (જરોદ)** | નવીનભાઈ ડાહ્યાભાઈ વસાવા |
| **વાઘોડીયા (ગુતાલ)** | વિશાલકુમાર ભીખાભાઈ વસાવા |

### નગરપાલિકાના બિનહરીફ 17 ઉમેદવાર

| | |
|---|---|
| **પાદરા** | |
| વોર્ડ-2 | રાકેશકુમાર રાજુભાઈ રાણા |
| વોર્ડ-3 | પારૂલબેન જયેશકુમાર દરજી |
| વોર્ડ-4 | દિપેશભાઇ દેવેન્દ્રભાઈ પંચાલ |
| વોર્ડ-6 | સુમિત્રાબેન લાલભાઈ પરમાર |
| વોર્ડ-6 | નિશાબેન પરેશકુમાર ગાંધી |
| વોર્ડ-6 | પ્રતિકકુમાર હસમુખભાઈ પટેલ |
| વોર્ડ-6 | સંકેતકુમાર દેવેન્દ્રભાઈ પટેલ |
| વોર્ડ-7 | નિશાબેન ચેતનકુમાર રાણા |
| વોર્ડ-7 | ઇલાબેન જયપ્રકાશભાઈ જોશી |
| વોર્ડ-7 | તેજસભાઈ હરીશભાઈ ગોહિલ |
| વોર્ડ-7 | નરેશભાઈ ગ્યારસીલાલ અગ્રવાલ |
| **ડભોઈ** | |
| વોર્ડ-9 | પરેશભાઈ ગોવિંદભાઈ રબારી |
| **વાઘોડીયા** | |
| વોર્ડ-3 | સુર્યાબેન સંજયભાઈ ભોઈ |
| વોર્ડ-3 | ભાવનાબેન મહેશસિંહ જાદવ |
| વોર્ડ-3 | જીતેશકુમાર દિનેશભાઈ વસાવા |
| વોર્ડ-3 | સંદીપકુમાર નરેન્દ્રસિંહ ડોડીયા |
| **સાવલી** | |
| વોર્ડ-3 :- | અંકિતકુમાર રાજુભાઈ રાણા |




### તાલુકા પંચાયતના 19 ઉમેદવારો

| | |
|---|---|
| **કરજણ** | |
| **સામરી** | જ્યોત્સનાબેન અજીતસિંહ રાજ |
| **સાયર** | હેતલબેન મહેશભાઈ વસાવા |
| **સીમળી** | ભૂમિકાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ |
| **ધાવટ** | અમીતાબેન વસંતભાઇ પટેલ |
| **હાંડોદ** | સંગીતાબેન જયદીપભાઈ વસાવા |
| **વલણ-2** | કેસુરભાઈ ચતુરભાઈ રાઠોડ |
| **વડોદરા** | |
| **નંદેસરી** | નીતાબેન મહેશભાઈ પઢીયાર |
| **બાજવા** | અનિતાબેન સુનીલભાઈ પરમાર |
| **ઇંટોલા** | હીરાબેન ભીખાભાઈ વસાવા |
| **સોખડા-1** | કિરણબેન રાકેશભાઈ પટેલ |
| **ડેસર** | |
| **વછેસર** | આશાબેન તેજેન્દ્રસિંહ ચૌહાણ |
| **વેજપુર** | કિરણબેન અલ્કેશ મહેતા |
| **વરસડા** | સરલાબેન હીતેનકુમાર ભીલ |
| **કડાછલા** | સરોજબેન રંગીતભાઈ પરમાર |
| **વાઘોડીયા** | |
| **ગુતાલ** | મીનાબેન અનિલભાઈ પરમાર |
| **રાજપુરા** | વિષ્ણુબા હરીદત્તસિંહ ચૌહાણ |
| **શિનોર** | |
| **શિનોર-1** | પ્રમોદભાઈ પુનમભાઈ વસાવા |
| **ડભોઈ** | |
| **લીંગસ્થળી** | રાજેન્દ્રકુમાર ડાહ્યાભાઈ પટેલ |
| **કુંઢેલા** | સુરેશભાઈ ભયજીભાઈ રાઠોડિયા |

# ગોત્રી ઈસ્કોન એટ્રીયા-2ના એસી આઉટડોરમાં સ્પાર્ક થતા ભીષણ આગ

**ચાર** ફાયર સ્ટેશનના 10 થી વધુ ફાયર ટેન્કર અને હાઈડ્રોલિક સ્પાયરલ મશીનથી આગ પર કાબુ મેળવ્યો

**આગ** લાગતા 400 થી વધુ લોકો સત્વરે કોમ્પ્લેક્સમાંથી બહાર નીકળી જતા જાનહાનિ થતા ટળી



### ફાયર NOC અને સાધનો અંગે તપાસ શરૂ

અમારી ટીમને જેવી જાણકારી મળી કે તરત જ ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર આવી પહોંચી હતી અને આગ પર કાબુ મેળવી લીધો હતો. કોઈ પ્રકારની જાનહાનિ થઈ નથી. ચાર ફાયર સ્ટેશનની ટીમ આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ એસીના યુનિટમાં સ્પાર્કના કારણે આ ઘટના બની હતી. આગના મૂળ સુધી અમે જઈશું કે કારણ શું હતું અને જે પણ એનાલિસિસ છે એ કરવામાં આવશે. ફાયર એનઓસી અને સાધનો અંગે સમીક્ષા કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે, - **ગંગા સિંગ,** ડે.મ્યુ.કમિશ્નર

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા ઈસ્કોન એટ્રીયા-2 કોમ્પ્લેક્સમાં એસીના આઉટડોરમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. છઠ્ઠા માળ પર લાગેલી આગ ધીમે ધીમે નવમાં માળે અને જોત જોતામાં પ્રથમ માળ સુધી બહારના ભાગેથી આગ પ્રસરી ગઈ હતી. ચાર ફાયર સ્ટેશનના 10 થી વધુ ફાયર ટેન્કરો સાથે ફાયરના જવાનોએ સ્થળ પર પહોંચી હાઈડ્રોલિક સ્પાયરલ મશીન દ્વારા આગ પર કાબુ મેળવ્યો હતો.

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તાર ગોત્રીના ઈસ્કોન એટ્રીયા 2માં છઠ્ઠા માળે એસીના આઉટડોરમાં સ્પાર્ક થયા બાદ આગ ભભૂકી ઉઠી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ફાયર વિભાગ દ્વારા મેજર કોલ જાહેર કર્યો હતો. કન્ટ્રોલ રૂમ પર માહિતી મળતા ચાર ફાયર સ્ટેશનના 10 થી વધુ ફાયર ટેન્કર અને હાઈડ્રોલિક સ્પાયરલ મશીન સહિત ઈમર્જન્સી સેવા અને જીઈબીની ટીમ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી. આગ છઠ્ઠા માળેથી ફેલાતી નવમાં માળ અને નીચે બહારના ભાગેથી પ્રથમ માળ સુધી આવી પહોંચી હતી. એક તબક્કે લોકોના જીવ પણ પડીકે બંધાયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ તાબડતોડ આગ પર કાબુ મેળવવા પ્રયાસો હાથધર્યા હતા. ચાર કલાક બાદ આગ પર કાબુ મેળવવા ફાયર વિભાગને સફળતા સાંપડી હતી. સદનસીબે સત્વરે કોમ્પ્લેક્સમાંથી લોકો નીચે ઉતરી ગયા હતા. જેથી જાનહાનિ ટળી હતી. બિલ્ડિંગમાં ઓફિસ ધરાવતા વરદાન પેટ્રોકેમિકલ્સ પ્રાઈવેટ લિમિટેડના એમડી ગીરીશભાઈ ભોજકે જણાવ્યું હતું કે, બપોરે આગ લાગ્યા બાદ ધુમાડા પ્રસરતા તરત જ અમે લોકોને નીચે ઉતારવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આ બિલ્ડિંગમાં આશરે 400 થી વધુ લોકો હાજર હતા. આગ કયા કારણોસર લાગી તેનો ખ્યાલ નથી પણ એસીના કોઈ વાયરીંગમાં પાર્ક થયા બાદ આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. અમારો મુખ્ય ઉદ્દેશ લોકોને બચાવવાનો હતો. એટલે અમે તાત્કાલિક સૌને સલામત બહાર કાઢવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. શરૂઆત કરતાં આગ ધીમે ધીમે વધુ વિકરાળ બની ગઈ હતી સદનસીબે તમામ લોકો સુરક્ષિત બહાર નીચે આવી ગયા હતા, એટલે કોઈ જાનહાનિ થઈ નથી.

# ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે 94 ઉમેદવારોએ મેદાન છોડ્યું

**વડોદરા** મહાનગર પાલિકાની 76 બેઠકોમાંથી માત્ર 7 ફોર્મ પરત ખેંચાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.15

વડોદરા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. 15 એપ્રિલ 2026 સુધીની સ્થિતિએ ઉમેદવારી પત્રો પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતા જ હવે ચૂંટણીનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. વડોદરા જિલ્લાની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકો પરથી કુલ 94 ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચી લીધા છે, જેમાં સૌથી વધુ અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે. જ્યારે વડોદરા મહાનગર પાલિકાની 76 બેઠક પરથી માત્ર 7 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા છે.

આંકડાકીય વિગતો મુજબ, સત્તાધારી પક્ષ ભાજપમાંથી એક પણ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું નથી, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં આંતરિક ખેંચતાણ કે અન્ય સમીકરણોને કારણે અનેક ઉમેદવારો ચૂંટણી મેદાનમાંથી હટી ગયા છે.

કોંગ્રેસના કુલ 32 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા. આમ આદમી પાર્ટી (AAP) કુલ 17 ઉમેદવારોએ મેદાન છોડ્યું. અપક્ષ અને અન્યમાં સૌથી વધુ 45 ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે.

વડોદરા જિલ્લાની 170 તાલુકા પંચાયત બેઠકો પર સૌથી વધુ રાજકીય હલચલ જોવા મળી છે. અહીં કુલ 50 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે, જેમાં કોંગ્રેસના 19 અને ‘આપ’ ના 10 ઉમેદવારોનો સમાવેશ થાય છે. જ્યારે નગરપાલિકાઓની 112 બેઠકો પર 25 ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. ચૂંટણી વિશ્લેષકોના મતે, વડોદરા જિલ્લામાં 45 જેટલા અપક્ષ અને અન્ય પક્ષના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા હવે સીધો જંગ મુખ્ય પક્ષો વચ્ચે ખેલાશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં અપક્ષોના હટી જવાથી મતોનું ધ્રુવીકરણ અટકશે અને મુખ્ય પક્ષો વચ્ચે રસાકસી વધશે.

**રહીશોનો ‘NO VOTE, NO ENTRY’નો હુંકાર**

# કારેલીબાગ જલારામ નગરમાં પાયાની સુવિધાથી વંચિત લોકો ચૂંટણી ટાણે લડી લેવાના મુડમાં

**ભૂમાફિયાઓ** રસ્તો, તંત્ર પાણી અને નેતાઓ માનવતા ગળી ગયાનો આક્ષેપ




(પ્રતિનિધિ) વડોદરા. તા.15

વડોદરાનું જલારામ નગર (વોર્ડ નં. 3), જેને ‘સંસ્કારી નગરી’ અને ‘સ્માર્ટ સિટી’નો ભાગ ગણવામાં આવે છે, આજે તંત્રની ઉપેક્ષા અને નેતાઓની નિષ્ક્રિયતાનું પ્રતીક બની ગયું છે. અહીંના રહીશો વર્ષોથી પાયાની સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે અને હવે તેમણે આ મુદ્દે કડક વલણ અપનાવ્યું છે.

વિસ્તારની સૌથી ગંભીર સમસ્યા જાહેર રસ્તાની છે, જે વર્ષોથી ગાયબ થઈ ગયો છે. રહીશોનો આક્ષેપ છે કે ભૂમાફિયાઓએ આ રસ્તો દબાવી લીધો છે. હાલમાં તેઓ જે રસ્તો ઉપયોગ કરે છે તે પણ તાત્કાલિક વ્યવસ્થા સમાન છે. પ્રશ્ન ઉદ્ભવે છે કે સરકારી નકશામાં દર્શાવેલો રસ્તો ખાનગી રીતે કેવી રીતે કબજામાં લઈ શકાય?

વિકાસના દાવાઓ વચ્ચે હકીકત શરમજનક છે. છેલ્લા 25 વર્ષથી રસ્તાઓનું નવીનીકરણ થયું નથી, પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ નથી અને સ્ટ્રીટ લાઈટોની અછતને કારણે રાત્રે અસુરક્ષા વધે છે. આંગણવાડીઓ પણ જર્જરિત ભાડાના મકાનોમાં ચાલે છે, જ્યાં બાળકોને પૂરતી સુવિધા મળતી નથી.

પૂર કે કોરોનાકાળ દરમિયાન પણ અહીંના રહીશો અવગણાયા. સ્થાનિક પ્રતિનિધિઓની ગેરહાજરી અંગે લોકોમાં ભારે રોષ છે. વધુમાં, પૂર બાદ સહાય આપવા બદલે ‘સ્માર્ટ મીટર’ લગાવવામાં આવ્યા હોવાના આક્ષેપો ઉઠ્યા છે, જેને લોકો ‘સ્માર્ટ ચીટિંગ’ તરીકે જોઈ રહ્યા છે.

હાલની ચૂંટણીના માહોલમાં રહીશોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે–“પાણી અને રસ્તો નહીં તો વોટ નહીં.” બેનરો અને સૂત્રોચ્ચાર દ્વારા વિરોધ વ્યક્ત કરી તેઓએ નેતાઓને જવાબદાર ઠેરવ્યા છે.

**મંજલપુરમાં ઓફિસ બતાવી વિશ્વાસ જીત્યા બાદ વિઝા બનાવી આપ્યા નહી**

# યુકેના વર્ક વિઝાના બહાને યુવક અને મહિલા સાથે રૂ. 11.50 લાખથી વધુની છેતરપિંડી

**યુવકને** દુબઈ મોકલ્યા બાદ યુકે મોકલવાના ખોટા વાયદા આપ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

માંજલપુર વિસ્તારમાં વિઝાની ઓફિસ ધરાવતા એજન્ટ દ્વારા આણંદના યુવક અને સુરતની મહિલા ને યુકેના વર્ક પરમિટ વિઝા બનાવી આપવાના બહાને તેમની પાસેથી રૂપિયા 11.50 લાખ પડાવી લીધા હતા. ઘણો સમય થઈ ગયો હોવા છતાં તેમની કોઈ વિઝા નહીં બનાવી આપી તેણે રૂપિયા પણ પરત નહીં આપતા ઠગ એજન્ટ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધઈ છે.

આણંદ જિલ્લાના ઓડ ગામ સોના ટેકરી ખાતે રહેતા વૈશ્વિક શિલેશભાઈ પટેલ ધોરણ 12 સુધી અભ્યાસ કર્યો છે. વર્ષ 2025 દરમિયાન મોબાઈલ પર વિદેશ મોકલવાના સ્ટેટસ જોવા મળતા તેમણે વિઝા એજન્સીના સંચાલક સાથે સંપર્ક સાધ્યો હતો. આરોપીએ મંજલપુર, વડોદરા ખાતે પોતાની ઓફિસ બતાવી યુકેના વર્ક વિઝા કરાવી આપવાની ખાતરી આપી હતી.

ત્યારબાદ તેમની પાસેથી વર્ક વિઝા કાઢવા સહિતનો તમામ ખર્ચ રૂ.16.56 લાખ જણાવી એડવાન્સ તરીકે રૂ.5 લાખ માંગ્યા હતા. તેમની પાસપોર્ટ, માર્કશીટ અને અન્ય દસ્તાવેજો સોંપ્યા હતા. ત્યારબાદ તેમની લંડનમાં રહેતી બહેન મારફતે S.M.Internationalના એક્સિસ બેંક ખાતામાં રૂ.1.45 લાખ અને રૂ.1.50 લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. 23 જુલાઈ, 2025ના રોજ રૂ.1.10 લાખ રોકડા પણ આપવામાં આવ્યા હતા.

આરોપીએ યુકે વિઝાની પ્રક્રિયા થઈ રહી નથી તેમ કહી પહેલા દુબઈ જવાનું કહી ત્યાંથી લંડન મોકલવાની વાત કરી હતી. આ મુજબ યુવક દુબઈ ગયો પરંતુ ત્યાં કોઈ વ્યવસ્થા ન મળતા ફરી ભારત પરત ફર્યો હતો. ત્યારબાદ આરોપીએ 05 નવેમ્બર, 2025ના રોજ નોટરી કરેલુ લખાણ આપીને નવેમ્બરમાં દુબઈ અને ફેબ્રુઆરીમાં લંડન મોકલવાનું વચન આપ્યું હતું, પરંતુ ત્યારબાદ કોઈ કાર્યવાહી થઈ નહોતી. યુવક દ્વારા વારંવાર સંપર્ક કરવા છતાં આરોપી તરફથી યોગ્ય જવાબ આપતો નહોતો. અંતે યુવકે તપાસ કરતાં ખબર પડી કે કોઈ વિઝા પ્રક્રિયા કરવામાં આવી જ નહોતી. જેથી યુવકને પોતાની સાથે રૂપિયા 6.50 લાખની છેતરપિંડી થઈ અહેસાસ થયો હતો. આ ઉપરાંત શ્રેયા ધીરેનભાઈ અમીન અન્ય પાસેથી પણ આરોપીએ રૂ.5 લાખ લઈ છેતરપિંડી કરી છે. આ હિરલ પટેલ દ્વારા યુવક અને મહિલા સહિત બે લોકો સાથે વિદેશના વિઝા બનાવી આપવાના બહાને રૂ.11.50 લાખ પડાવેલીને ઠગાઈ આચરવામા આવી હોય તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# મહુધા તાલુકાની વડથલ જિલ્લા પંચાયત બેઠક પર વિવાદ : ધારાસભ્યની અટકાયત

(પ્રતિનિધિ) આણંદ તા.15

ખેડા જિલ્લાના મહુધા તાલુકાની વડથલ જિલ્લા પંચાયત બેઠકની ચૂંટણી પ્રક્રિયા અંગે ભારે વિવાદ ઊભો થયો છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. બેઠક દરમિયાન ગેરરીતિ અને અનિયમિતતા થઈ હોવાના આક્ષેપો સામે આવતા પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીતસિંહ ઠાકોર આક્રોશિત બની ગયા હતા. તેઓ મોટી સંખ્યામાં પોતાના સમર્થકો અને કાર્યકરો સાથે મહુધા મામલતદાર કચેરીએ પહોંચી ગયા હતા, જ્યાં તેમણે જોરદાર વિરોધ નોંધાવ્યો અને હંગામો સર્જાયો હતો.

ઈન્દ્રજીતસિંહ ઠાકોરે ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા હતા. તેમણે તાલુકા વિકાસ અધિકારી (TDO), પોલીસ તંત્ર તેમજ અન્ય સરકારી મશીનરી પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે નહીં પરંતુ દબાણ અને ગેરરીતિઓના આધારે કરવામાં આવી છે. તેમણે ખુલ્લેઆમ આક્ષેપ કર્યો કે પોલીસ અને તાલુકા તંત્રએ નાણાં લઈને કામ કર્યું છે, જેના કારણે લોકશાહી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

પૂર્વ ધારાસભ્યના આકરા નિવેદનો અને આક્રમક વલણ વચ્ચે પોલીસ તંત્ર શરૂઆતમાં નિષ્ક્રિય દેખાયું હતું. સ્થળ પર તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હતી, અને કાર્યકરોના ઉગ્ર પ્રદર્શનને કારણે પરિસ્થિતિ વધુ બગડવાની શક્યતા ઊભી થઈ હતી. આ દરમિયાન ઈન્દ્રજીતસિંહ ઠાકોરે ભાજપ સરકાર પર પણ નિશાન સાધતા જણાવ્યું હતું કે સરકાર હેઠળનું તંત્ર દલાલી કરી રહ્યું છે અને સામાન્ય જનતાના હિતોની અવગણના થઈ રહી છે. વડથલ જિલ્લા પંચાયત બેઠકમાં થયેલી કથિત ગેરરીતિને લઈને તેઓ અત્યંત આક્રમક બની ગયા હતા, જેના પરિણામે સમગ્ર મામલો વધુ ઉગ્ર બન્યો હતો. પરિસ્થિતિ કાબૂ બહાર જતી હોવાથી અંતે પોલીસે હસ્તક્ષેપ કરીને ઈન્દ્રજીતસિંહ ઠાકોરની અટકાયત કરી હતી. તેમની અટકાયત પછી પણ વિસ્તારમાં તણાવ યથાવત રહ્યો હતો.